**તા. ૬/૮/૨૫ : જીલ્લા શિક્ષણધિકારીશ્રીની કચેરી,ભરૂચ દ્વારા આયોજીત સંસ્કૃત ગૌરવયાત્રા રેલી માં શાળાના ધો. ૯ ના કુલ ૧૪૦ જેટલા વિદ્યાર્થી તથા શિક્ષકો કૌશિકભાઇ મિસ્ત્રી, મનીષાબેન જાદવ તથા મયુરીકાબેન પટેલે** ભાગ લીધો હતો. આ રેલી હોસ્ટેલ ગ્રાઉન્ડથી શરૂ થઇને કલેકટર કચેરી સુધી પૂર્ણ થઇ હતી. રેલીમાં શાળાના ૯ જેટલા વિદ્યાર્થીઓએ જુદા – જુદા સાંસ્કૃતિક પાત્રની વેશભૂષામાં તૈયાર થઇને જોડાયા હતા.






**તા. ૪/૯/૨૫ : નારાયણ વિદ્યાલય,ભરૂચ શાળામાં ૫/૧૦/૨૫ ના રોજ શિક્ષકદિન** નિમિતે ધો -૧૨ ના વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ધો. ૧૨ના કુલ ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં સ્વશાસન કાર્ય થયું હતું.જેમાં ધો ૯ થી ૧૨ ના બધા જ વર્ગોમાં આ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની કામગીરી બજાવી હતી. તેમજ શાળાના આચાર્યા તરીકેની ફરજ રંગુનવાલા ક્રિષ્ણાએ નિભાવી હતી. આ સાથે જ તનિષ્ક શો રૂમ ભરૂચ દ્વારા શાળામાં ટીચર્સ ડે  ની ઉજવણી યોજવામાં આવી.





**તા. ૨૯/૯/૨૫ : નારાયણ વિદ્યાલય, ભરૂચની શાળામાં સુગર કંટ્રોલ વિષય અંતર્ગત ધો. ૧૧ ના વિદ્યાર્થી મિત્રો દ્વારા તૈયાર કરાયેલ સુગર ચાર્ટ** દ્વારા ધો. ૯ થી ૧૨ ના વર્ગોના વિદ્યાર્થીઓમાં સુગરની આડ અસર અને તેના દ્વારા થતા રોગો તેમજ તેના માટે શું ધ્યાન રાખવું તે બાબતે વર્ગવાર જઇ તેમણે પોતાની જાણકારીને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી.

**તા. ૩૦/૯/૨૫ : ગાંધી જયંતિની ઊજવણી** અંતર્ગત શાળાના ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનામાં ગાંધીબાપુના જીવનચરિત્ર તથા તેમના જીવનમાં અનુભવેલા પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચીમનભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું.

**તા. ૧૪, ૧૫/૧૦/૨૫ : દિવાળી પર્વ** અંતર્ગત શાળાનો ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર શાળા પરિસર, તેમના વર્ગખંડ, લોબી તથા તમામ પ્રયોગશાળાની સફાઇ કરવામાં આવી.




**શિક્ષક જયારે સંશોધક બને છે, ત્યારે શિક્ષણ જીવંત બને છે.**

**તા. ૨૦ થી ૨૨/૧૧/૨૫ : વિદ્યાર્થીઓમાં ઇતર પુસ્તકના વાંચનની જીજ્ઞાશા જાગૃત થાય તેવા હેતુસર શાળામાં ૧૫૦૦ જેટલા પુસ્તકોનું ભવ્ય પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું.** આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પુસ્તકો નિહાળ્યા અને તે વિશે માહિતી મેળવી.



